# સર્વોદય કોમર્શિયલ કો.ઓપ.બેંક લી., મહેસાણા

હેડ ઓફીસ : સર્વોદય બેંક રોડ, ભમરીયા નાળા નજીક, મહેસાણા. ૩૮૪૦૦૨
E-Mail ID: info@scc.bank.in ફોન નં: 02762 252224 Website: www.scc.bank.in

## બેંકના સભાસદો તથા ખાતેદારો માટે અગત્યની સુચના

- આથી બેંકના માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે RBI ની માર્ગદર્શિકા મુજબ તા.૦૧/૦૪/૨૦૧૭થી નવા ખોલવામાં આવેલા કોઈપણ જાતના વ્યકિતગત ખાતા ધારકો અને તા.૦૧/૦૪/૨૦૨૧ થી નવા ખોલવામાં આવેલા કોઈપણ જાતના લીગલ એન્ટીટી ખાતા ધારકો અને તેને લગતા જોઈન્ટ હોલ્ડર્સનું C-KYC કરવું ફરજીયાત છે. જો આપનુ C-KYC કરાવવાનું બાકી હોય તો તા. ૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં કરાવી લેવુ. બેંકના સભાસદોએ પણ જો તેમનું C-KYC કરાવવાનું બાકી હોય તો કરાવી લેવું.
- RBI ની માર્ગદર્શિકા મુજબ દરેક ગ્રાહકે તેમની કેટેગરી પ્રમાણે નિયમીત તેમના પ્રોફાઈલની વિગતો જેવીકે આપનો મોબાઈલ નંબર/ઈ-મેઈલ આઈ.ડી./વ્યવસાય કે ધંધાની વિગત / ઈનકોર્પોરેશન ડેટ / જન્મ તારીખ/ વાર્ષિક આવક / વાર્ષિક ટર્નઓવર / બેનીફિશીયલ ઓનરની વિગત/આપના તાજેતરના રહેઠાણની વિગત અપડેટ કરાવી Re-KYC કરાવવું ફરજીયાત છે. જે ગ્રાહકે Re-KYC કરાવવાના બાકી હોય તો તેઓએ તા. ૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં બેંકની નજીકની કોઈપણ નજીકની શાખામાં જઈને Re-KYC કરાવી લેવુ.
- જે ગ્રાહકે Re-KYC કરાવવાના બાકી હોય તે ગ્રાહક બેંકની મોબાઈલ એપથી કે SMS માં મોકલવામાં આવેલ લીંકથી Re-KYC ની પ્રોસેસ ગ્રાહક તેમના મોબાઈલ ફોન મારફતે કરી શકાશે.
- જે ગ્રાહકોના ખાતામાં KYC આપવાના બાકી હશે તેઓના ખાતાના વ્યવહારો તા.૩૧/૦૧/૨૦૨૬ થી સ્થગીત કરવામાં આવશે, જેની નોંધ લેશો. ગ્રાહકોએ તેમના ખાતામાં C-KYC પુર્તતા કરી તેમનું ખાતુ નિયમીત કરાવી દેશો.
- વારસદાર (Nominee) ની વિગત આપવાની બાકી હોય અથવા કોઈ ફેરફાર કરવાના હોય તેવા ખાતેદારો/લોકર ધારકોએ રૂબરૂ બેંકમાં આવી વારસદાર નિમણુંકનું ફોર્મ જમા કરાવી જવા જણાવવામાં આવે છે.
- જે સગીર ખાતેદારો પુખ્તવયના થયા છે તેઓએ પાનકાર્ડ અને KYC મુજબ ઓળખ અને રહેઠાણના માન્ય પુરાવાઓ તથા તાજેતરના ફોટોગ્રાફ સાથે રૂબરૂ બેંકમાં આવી પોતાના ખાતામાં Minor to Major ની પ્રોસેસ કરાવી લેવા જણાવવામાં આવે છે અન્યથા આવા ખાતાઓ Freeze કરી વ્યવહારો સ્થગીત કરી દેવામાં આવશે.
- જે ખાતેદારોએ પોતાની જન્મ તારીખની વિગત આપવાની / અપડેટ કરાવવાની બાકી છે તેમણે પોતાની જન્મ તારીખના પુરાવા સાથે જન્મ તારીખની વિગત અપડેટ કરાવી દેવી.
- જે ખાતેદારોએ છેલ્લા ૨ વર્ષ કે તેથી વધુ સમયથી પોતાના ખાતામાં વ્યવહારો ન કર્યા હોય તેના કારણે ખાતુ ઈન-ઓપરેટીવ /ડોરમેન્ટ (નિષ્ક્રિય) અવસ્થામાં હોય તેઓએ પણ આ જાહેરાતના ૧૫ દિવસની અંદર ફોટોગ્રાફ તથા KYC ડોકયુમેન્ટ લઈને રૂબરૂ બેંક શાખાની મુલાકાત લઈ ખાતુ એકટીવ (સક્રીય) કરાવવા તેમજ KYC/C-KYC પુર્તતા કરાવવા જણાવવામાં આવે છે. નિષ્ક્રિય ખાતાઓમાં સદર પુર્તતા કર્યા વગર બેંકીંગ વ્યવહારો થઈ શકશે નહી.
- જે ગ્રાહકના મોબાઈલ નંબર તેમના બેંક ખાતામાં નોંધાયેલ ના હોય તો નોંધાવી દેવા.
- જે પણ સ્મોલ સેવિંગ્સ ખાતા ધારકોને ખાતુ ખોલાવ્યાને ૧૨ માસ કે તેથી વધુ સમય થયેલ હોય અને માન્ય KYC ડોક્યુમેન્ટસ આપવાના બાકી હોય તો તાત્કાલીક શાખાનો સંપર્ક કરી ડોકયુમેન્ટસ આપી દેવા અન્યથા આપના ખાતાના વ્યવહારો સ્થગીત કરવામાં આવશે.
- અવિરત બેંકીંગ સેવાઓ મેળવવા માટે આપની ફાઈલ અને KYC ની વિગતો નિયમીત અપડેટ કરાવી લેવી.
- ઈન્કમટેકસના કાયદા મુજબ જે ગ્રાહકના પાનકાર્ડ ઈનઓપરેટીવ હોય તેવા ગ્રાહકની ફીકસ ડીપોઝીટની વ્યાજની આવક ઉપર ૨૦% લેખે TDS કપાત થશે, જેની નોંધ લેશો.
- બેંક દ્વારા સામાન્ય સભાસદો, સેવિંગ્સ ખાતામાં પ્રથમ નામ ધારક તથા વ્યકિતગત કરેન્ટ ખાતા ધારકનો રૂા.૫,૦૦,૦૦૦/- નો વિમો વિના મુલ્યે બેંક તરફથી લેવામાં આવે છે. જેમાં ઈન-ઓપરેટીવ ડોરમેન્ટ ખાતેદારોનો વિમો લેવામાં આવતો નથી.
- બેંકના તમામ લોન ધારકોએ RBI ના TRAC Norms મુજબ ટર્મ લોનમાં હપ્તાની રકમ નિયત તારીખ પહેલા તથા વર્કિંગ કેપીટલ લોનમાં વ્યાજની રકમ માસીક ધોરણે નિયમીત ભરપાઈ કરવાની રહેશે.
- જે લોકર ધારકોએ RBI ના નિયમ મુજબ નવો લોકર એગ્રીમેન્ટ કરેલ ન હોય તો તુરંત જ બેંકમાં આવીને નવો એગ્રીમેન્ટ કરાવી લેવો તથા જે લોકર ધારકોએ પોતાનું લોકર છેલ્લા ૧૨ માસ કે તેથી વધુ સમયથી ઓપરેટ કર્યુ ન હોય તેઓએ વિના વિલંબે પોતાનું લોકર ઓપરેટ કરી જવું.
- બેંકના માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે બેંક દ્વારા વસુલવામાં આવતા ચાર્જ તેમજ લોકર્સ ભાડા, લોકર ડીપોઝીટ વિગેરેમાં તા.૦૧/૦૧/૨૦૨૫ થી ફેરફાર કરવામાં આવેલ છે જેની વિગત બેંકની વેબસાઈટ www.scc.bank.in ઉપર દર્શાવવામાં આવેલ છે, જેની નોંધ લેશો.
- ગ્રાહક પોતાના ખાતાનું બેલેન્સ તેમણે બેંકમાં આપેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપરથી ૯૮૨૫૦ ૧૩૮૦૦ નંબર ઉપર મીસ્ડકોલ કરીને મેળવી શકશે.
- બેંક દ્વારા ગ્રાહકો માટે IVR સર્વિસ ૯૭૧૨૧૧૮૮૧૧ નંબર ઉપર ચાલુ કરવામાં આવેલી છે. જેનો ઉપયોગ કરી ગ્રાહક બેલેન્સ ઈન્કવાયરી, મીની સ્ટેટમેન્ટ, ATM, IMPS, UPI સર્વિસ એકટીવ, ડીએકટીવ, કાર્ડ બ્લોક તથા અન્ય સર્વિસનો લાભ લઈ શકશે.

**નોંધ :** આપના ATM / Debit કાર્ડના નંબર, એકસપાયરી ડેટ, સી.વી.વી. નંબર, પીન, ઓ.ટી.પી., UPI પીન, મોબાઈલ બેંકીંગ લોગીન યુઝર / પાસવર્ડ વિગેરે માહીતી કોઈ ને પણ આપશો નહી. બેંક કે બેંકના કર્મચારી આ પ્રકારની માહીતી માંગતા નથી, જેની ખાસ નોંધ લેવી. કોઈપણ ગ્રાહકોએ અજાણ્યા નંબર ઉપરથી આવેલ લીંક ખોલવી નહી અન્યથા આપની સાથે સાયબર ફોડ થઈ શકે છે.

સ્થળ : મહેસાણા
તારીખ : ૨૯/૧૨/૨૦૨૫

જનરલ મેનેજર
સર્વોદય કોમ. કો. ઓપ. બેંક લી., મહેસાણા
હેડ ઓફીસ, મહેસાણા